# બોર્ડ બેઠક નં.૨૫૨

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ના રોજ સાંજના ૪:૦૦ કલાકે મળેલ ૨૫૨ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (3) | પ્રાદેશિક કમિશ્નરશ્રી,<br>નગર પાલિકાઓની કચેરી, વુડા બિલ્ડીંગ , વડોદરા, | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર, વતી | સભ્યશ્રી |
| (૫) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | સભ્યશ્રી |
| (૬) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી<br>વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા વતી | આમંત્રિત સભ્યશ્રી |
| (૭) | મુખ્યકારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૫ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુદ્દા નંબર :(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર.નં.યુડીએ/મીટીંગ/૬૭૫/૨૦૨૨, તા.૧૨/૦૫/૨૦૨૨ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસુચન મળેલ ન હોય સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક:(૨૮૦૬) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/૦૩/૨૦૨૨ ની ૨૫૦ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/૦૩/૨૦૨૨ ની ૨૫૦ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ જે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક:(૨૮૦૭) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/૦૩/૨૦૨૨ ની ૨૫૦ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા નંબર: (૩) ડી.પી.ની કામગીરી માટે કુલ-૫ નવા કોમ્પ્યુટર Gem પોર્ટલ પરથી ખરીદીને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા હાલમાં તૃતીય વિકાસ યોજના બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. સદર વિકાસ યોજના GIS સોફ્ટવેર પર બનાવવાની સુચના થયેલ છે. ટી.પી.ની GIS સોફ્ટવેર પરની કામગીરી માટે ટેકનિકલ શાખામાં GIS એનાલીસીસ અને GIS ઓપરેટર તરીકેના કર્મચારીઓને ફરજ પર લેવામાં આવેલ છે. આ યોજનાની કામગીરી માટે ટેકનિકલ શાખા ધ્વારા નવા કુલ-૫ કોમ્પ્યુટરો ખરીદ કરવા અંગેનો સંભવિત ખર્ચ રૂા.૪,૯૪,૯૮૫/- ની મંજુરી મેળવવામાં આવેલ છે. જે વધ-ઘટને પાત્ર છે. જે અંગે Gem પોર્ટલ પર ટેન્ડર નોટીસ નં.GEMC-511687736290390, Dt.12-05-2022 અન્વયે કોમ્પ્યુટર પ્રોસેસર : Intel, પ્રોસેસર નં.Intel Core i7 ની સાથે GIS સોફ્ટવેર સપોર્ટેડ સાથે મેચ થતાં હોય તેવા સ્પેશીફીકેશન મુજબના માંગવામાં આવેલ છે. જે અંગેનો સેકશન ઓર્ડર નં.511687736290390, Dt.12-05-2022 આપવામાં આવેલ છે. હાલમાં ડી.પી.ની કામગીરી ધ્યાને લઇ ઉકત કુલ નવા ૫(પાંચ)-કોમ્પ્યુટર ખરીદ કરવા નકકી થયેલ છે. જે ખરીદી અંગે વુડા બોર્ડના તમામ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા સહ બહાલી મળવા મુધ્દો રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક:(૨૮૦૮) ડી.પી.ની કામગીરી માટે કુલ-૫ નવા કોમ્પ્યુટર Gem પોર્ટલ પરથી ખરીદી અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા નંબર (૪) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ/વડોદરા મહાનગરપાલિકા વિસ્તાર માંથી પસાર થતા ૭૫.૦૦ મી. પહોળાઈના રીંગરોડમાં ફીઝીબીલીટી સર્વેની કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર દ્વિતિય પુનરાવર્તીત વિકાસ યોજના-૨૦૧૨ માં આશરે ૬૬.૮૦ કી.મી. લંબાઈ ધરાવતો ૭૫.૦૦ મી. પહોળાઈનો રીંગરોડ સુચિત કરવામાં આવેલ છે. જે સુચિત રીંગરોડ રેસીડેન્સ, એગ્રીકલ્ચર તથા ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાંથી પસાર થાય છે. સદર સુચિત રીંગરોડનો રેસીડેન્સ ઝોન વિસ્તારમાંથી પસાર થતી લંબાઈનો રીંગરોડનું અમલીકરણમાં સરળતા રહે તથા સંપાદન વગર મેળવી શકાય તે હેતુથી વુડા દ્વારા અલગ-અલગ ટી.પી.સ્કીમનું આયોજન કરેલ અને તે મુજબની ટી.પી.સ્કીમોની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જે ટી.પી.સ્કીમો પૈકી અમુક ટી.પી.સ્કીમના ડ્રાફ્ટ મંજુર છે. જયારે અમુક સરકારશ્રીની કક્ષાએ મંજુરી અર્થે સાદર કરેલ છે અને અમુક ટી.પી.સ્કીમો બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આમ ઉકત ટી.પી.સ્કીમો પૈકી હાલમાં વડોદરા-જંબુસર અને વડોદરા થી સિંધરોટ થઈ ઉમેટા જતા રાજય ધોરી માર્ગને જોડતા લીંક અન્વયે ફેઝ-૧ તરીકેના ૬.૩ કી.મી. રીંગરોડના અમલીકરણ કરવા અન્વયે વુડા બોર્ડ બેઠક નં. ૨૫૧ ના ઠરાવ ક્રમાંક નં. ૨૮૦૫ તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ કામગીરી અંગે મંજુરી મેળવી પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટની નિમણુંક કરી અલગથી ડી.પી.આર. બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. તે સિવાયના આશરે ૬૦.૪૩ કી.મી. લંબાઈના રીંગરોડનું સુચારૂ આયોજન કરવા માટે ફીઝીબીલીટી સર્વે કરવો જરૂરી જણાય છે. જેમાં રોડ એલાઈમેન્ટ સર્વે, ટ્રાફિક સર્વે એન્ડ ફોરકાસ્ટીંગ, સોઈલ ઈન્વેસ્ટીગેશન, રોડ એલાઈમેન્ટમાં આવતા ક્રોસીંગનો ડિટેઈલ સર્વે, જીયો ગ્રાફિકલ સર્વે, રોડ એલાઈમેન્ટમાં આવતા ટ્રાન્સ્પોર્ટેશન ઈસ્યુ અને યુટીલીટી સિફટીંગ જેવા કે સ્ટ્રોમ વોટર, ડ્રેનેજ નેટવર્ક, વોટર સપ્લાય નેટવર્ક, ઓ.એન.જી.સી. લાઈન, એમ.જી.વી.સી.એલ. લાઈન, કેબલ ટ્રેન્ચીસ વિગેરે જેવી કામગીરી માટે આ પ્રકારની કામગીરી કરતી એજન્સી જોડે તથા માર્ગ અને મકાન વિભાગના સ્ટેટ તથા નેશનલ હાઈ-વેના અધિકારીશ્રીઓ સાથે મૌખિક અને ટેલિફોનિક ચર્ચા કરતા અંદાજીત રૂ. ૧.૫૦ લાખ જેટલો પ્રતિ કી.મી. ખર્ચ થાય તેમ છે. જે મુજબ ૬૦.૪૩ કી.મી. માટે અંદાજીત રૂ. ૯૦,૦૦,૦૦૦/- જેટલો ખર્ચ થાય તેમ છે. આમ સદર કામગીરી માટે ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવા અર્થે કન્સલટન્ટની નિમણુંક કરવા માટે બોર્ડ બેઠકની મંજુરી મળ્યા બાદ ઓન-લાઈન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની થાય છે. સદર કામગીરી માટે થનાર ખર્ચને મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૦૯)</u> : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ/વડોદરા મહાનગરપાલિકા વિસ્તાર માંથી પસાર થતા ૭૫.૦૦ મી. પહોળાઈના રીંગરોડનો ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવા બાબતે કન્સલટન્ટની નિમણુંક કરવા માટે તૈયાર કરવામાં આવેલ ટેન્ડરને ઓન-લાઈન બહાર પાડવા તથા તે અંગે ભવિષ્યમાં થનાર ખર્ચની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૫) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારના વડોદરા પાદરા-જંબુસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા ગોત્રી-સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મી. પહોળાઈના રીંગરોડમાં કાર્પેટ રોડની કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર દ્વિતિય પુનરાવર્તીત વિકાસ યોજના-૨૦૧૨ માં આશરે ૬૬.૮૦ કી.મી. લંબાઈ ધરાવતો ૭૫.૦૦ મી. પહોળાઈનો રીંગરોડ સુચિત કરવામાં આવેલ છે. જે સુચિત રીંગરોડ રેસીડેન્સ, એગ્રીકલ્ચર તથા ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાંથી પસાર થાય છે. સદર સુચિત રીંગરોડનો રેસીડેન્સ ઝોન વિસ્તારમાંથી પસાર થતી લંબાઈનો રીંગરોડનું અમલીકરણમાં સરળતા રહે તથા સંપાદન વગર મેળવી શકાય તે હેતુથી વુડા દ્વારા અલગ-અલગ ટી.પી.સ્કીમનું આયોજન કરેલ અને તે મુજબની ટી.પી.સ્કીમોની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જે ટી.પી.સ્કીમો પૈકી અમુક ટી.પી.સ્કીમના ડ્રાફ્ટ મંજુર છે. જયારે અમુક સરકારશ્રીની કક્ષાએ મંજુરી અર્થે સાદર કરેલ છે અને અમુક ટી.પી.સ્કીમો બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આમ ઉકત ટી.પી.સ્કીમો પૈકી હાલમાં વડોદરા-જંબુસર અને વડોદરા થી સિંધરોટ થઈ ઉમેટા જતા રાજય ધોરી માર્ગને જોડતા લીંક અન્વયે ફેઝ-૧ તરીકેના ૬.૩ કી.મી. રીંગરોડના અમલીકરણ કરવા અન્વયે વુડા બોર્ડ બેઠક નં. ૨૫૧ ના ઠરાવ ક્રમાંક નં. ૨૮૦૫ તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ કામગીરી અંગે મંજુરી મેળવી પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટની નિમણુંક કરી અલગથી ડી.પી.આર. બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

કુલ ૬૬.૮૦ કી.મી. રીંગ રોડ પૈકી ૫૬.૦૦ કી.મી. જેટલો રોડ વુડા વિસ્તારમાં આવે છે તથા બાકીનો ૧૦.૮૦ કી.મી. રોડ વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ થાય છે. રીંગરોડ માટે ૮૫% જેટલો વિસ્તાર વુડા વિસ્તારનો હોય, વહીવટી સરળતા તથા કામની એકસુત્રતા જળવાય તે માટે સંપુર્ણ રીંગરોડ વુડા દ્વારા બનાવવો કે કેમ તે અંગેનો નિર્ણય કરવાનો થાય. જેમાં ફેઝ વાઈઝ કાર્પેટ રોડ બનાવવાની કામગીરી કરવાનું નક્કી થતા પ્રથમ તબક્કે વુડા વિસ્તારના વડોદરા પાદરા-જંબુસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા ગોત્રી-સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મી. પહોળાઈના રીંગરોડમાં કાર્પેટ રોડની કામગીરી માટે વુડા બોર્ડ બેઠક નં. ૨૫૧ ના ઠરાવ ક્રમાંક નં. ૨૮૦૫ તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ કામગીરી અંગે બહાલી મેળવવામાં આવેલ છે. જેમાં પ્રથમ તબક્કે ૬.૩૭ કી.મી. લંબાઈમાં ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડની કામગીરી માટેના ડી.પી.આર. તૈયાર કરવા માટે અત્રેની કચેરીમાં પી.એમ.સી. તરીકે એમ્પેનલ્ડ એજન્સીઓ પૈકી જીયો ડિઝાઈન એન્ડ રિસર્ચ (પ્રા) લી., વડોદરાને કામગીરી માટે તા. ૦૨/૦૫/૨૦૨૨ રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

સદર ૭૫.૦૦ મીટર પહોળાઈનો રીંગરોડ બનાવવા માટે કુલ ૬.૩૭ કી.મી. લંબાઈ પૈકી (૧) ટી.પી. ૫ માં ૧.૮૮ કી.મી. (૨) ટી.પી. ૨૪એ માં ૨.૪૧ કી.મી. અને (૩) ટી.પી. ૨૪બી માં ૨.૦૮ કી.મી. નો સમાવેશ થયેલ છે. જે ૦૩ (ત્રણ) ટી.પી.સ્કીમો વુડા દ્વારા બનાવવામાં આવેલ છે. જે ટી.પી. ૫ માં ડ્રાફ્ટ ટી.પી. ને મંજુરી મળી તે સમયમાં ૪૦.૦૦ મીટર પહોળાઈનો રીંગરોડ રાખેલ. હાલમાં TPO શ્રી દ્વારા ૪૦.૦૦ મીટર પહોળાઈના બદલે ૭૫.૦૦ મીટર પહોળાઈમાં બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં ઝડપથી કામગીરી પુર્ણ કરવા માટે અત્રેની કચેરી દ્વારા TPO શ્રીને તા. ૧૦/૦૫/૨૦૨૨ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ છે. માન. ચેરમેનશ્રીની અધ્યક્ષતામાં થયેલ મીટીંગમાં TPO શ્રીના પ્રતિનિધિએ મૌખિકમાં જણાવેલ કે તા. ૧૦/૦૫/૨૦૨૨ ના રોજ સદરહું ટી.પી. માં રોડ ડિમાર્કેશનની કામગીરી થયેલ છે. હાલ ટી.પી. ૨૪એ સરકારશ્રીએ મંજુર કરેલ છે. પરંતુ નોટીફિકેશન કરવામાં આવેલ નથી તથા ટી.પી. ૨૪બી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની કક્ષાએ કાર્યવાહી હેઠળ છે. રીંગરોડ બનાવવા માટે કુલ ૬.૩૭ કી.મી. પૈકી ટી.પી. ૫ માં રસ્તાઓ બનાવવા માટે ઈજારદારશ્રીને તા. ૨૦/૧૧/૨૦૧૯ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેમાં આશરે ૧.૮૮ કી.મી. માં ૫.૫ મીટર પહોળાઈની (૨-લેન) અને ૧.૦૦ મીટર પહોળાઈમાં Median સાથેનો રોડ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં બનાવવામાં આવેલ છે. જેનો આશરે રૂ. ૨.૭૫ કરોડ નો ખર્ચ થયેલ છે. જેથી હાલ ૪.૪૯ કી.મી. રીંગ રોડ બનાવવાનો થાય છે. ટી.પી. ૨૪એ અને ટી.પી. ૨૪બી મહતમ અંશે ભાયલી અને સેવાસી ગામમાંથી પસાર થાય છે. ભાયલી અને સેવાસી ગામનો તા. ૧૮/૦૬/૨૦૨૦ રોજ વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ હોવાથી રસ્તાના કબજા મેળવવાની કાર્યવાહી વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવાની થાય છે. સદરહું બાબતની જાણ વડોદરા મહાનગરપાલિકાના TPO શ્રીને અત્રેથી ટેલિફોનિક દ્વારા કરવામાં આવેલ છે. જેથી સમાંતરે ઝડપથી કાર્યવાહી થઈ શકે અને વધુમાં સદર બાબતની લેખિતમાં પણ જાણ કરીએ. ઉપરોકત વિગતો ધ્યાને રાખીને ટેન્ડરમાં ટી.પી. ૨૪એ અને ટી.પી. ૨૪બી માં રસ્તાના કબજા મેળવવાની શરત રાખવાની થાય તેમ છે.

૬.૩૭ કી.મી. નો રોડ જેમાં વડોદરા ગોત્રી-સેવાસી-સિંધરોટ (રાજય ધોરી માર્ગ) પર કબીર ફાર્મની બાજુમાંથી અને વડોદરા પાદરા-જંબુસર (રાજય ધોરી માર્ગ) પર વડોદરા જંબુસર રેલ્વે લાઈન સુધીનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં વડોદરા જંબુસર રેલ્વે લાઈન હાલમાં નેરોગેજ છે. જેને ભવિષ્યમાં બ્રોડગેજમાં રૂપાંતરીત કરવાનું રેલ્વે વિભાગનું આયોજન છે. વડોદરા જંબુસર રેલ્વે ક્રોસીંગ પાસે ૭૫.૦૦ મીટર પહોળાઈ રીંગ રોડની કનેકટીવીટી માટે ભવિષ્યમાં વડોદરા જંબુસર રેલ્વે ક્રોસીંગ પર રેલ્વે ઓવર બ્રીજ (ROB) બનાવવાની જરૂરી છે. જેને અલગથી મંજુરી લેવાની રહે છે. આ ROB ના એપ્રોચ રોડ માટે ૮૦૦.૦૦ મીટર લંબાઈમાં બન્ને બાજુ પર ૫.૫ મીટર પહોળો રસ્તો બનાવી જે ભવિષ્યમાં ROB ના સર્વિસ રોડ તરીકે અને જેને હાલમાં પાદરા તરફ ૪૦.૦૦ મી. પહોળાઈનો ડી.પી. રસ્તો અને વડોદરા તરફ ૧૮.૦૦ મી. પહોળાઈ ટી.પી. રસ્તો આવેલ છે જેની સાથે સદર રોડનું જોડાણ કરી શકાય તેમ છે.

વધુમાં જણાવવાનું કે, ૪.૫૦ કી.મી. રોડમાં પંચાયત માર્ગ અને મકાન વિભાગનો મુખ્ય ધોરી માર્ગ પસાર થાય છે ત્યાં વેહિકલ અંડરપાસ બનાવવો જરૂરી છે. જે અંગે આ કામની પી.એમ.સી. સાથે ચર્ચા થયેલ છે.

આમ ઉક્ત વિગતે હાલમાં ૬.૩૭ કી.મી. પૈકી ટી.પી. ૨૪એ અને ટી.પી. ૨૪બી માં સમાવિષ્ટ ૪.૪૯ કી.મી. નો રોડ નવો બનાવવાનો થાય, તથા ટી.પી. ૦૫ ના ૧.૮૮ કી.મી. ના રોડ ને ઢાળ આપી જોડવાનો થાય છે. આ તમામ બાબતોનો પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ સાથે ચર્ચા કરતા અંદાજીત રકમ રૂ. ૫૩.૦૦ કરોડનો ખર્ચ થવાની શક્યતા છે. આમ સદર કામગીરી માટે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૫૩.૦૦ કરોડને મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક : (૨૮૧૦) સદર કામગીરીનો અંદાજીત ખર્ચ રૂ. ૫૩.૦૦ કરોડ હતો. જેમાં તાંત્રિક કમીટીમાં મળેલ સુચના મુજબ જરૂરી સુધારા-વધારા કરતા સદર કામની તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ રૂ. ૫૪.૯૮ કરોડની તાંત્રિક મંજુરી મળેલ છે.

(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારના વડોદરાના ૭૫.૦૦ ની. પહોળાઈ તથા ૬૬.૮૦ કી.મી. ના રીંગરોડમાં હાલમાં ૧૦.૮૦ કી.મી.નો રસ્તો વડોદરા મહાનગરપાલિકા હસ્તકનો છે. જયારે બાકી રહેલો ૫૬.૦૦ કી.મી. નો રસ્તો વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના વિસ્તારમાંથી પસાર થાય છે. જેથી ૭૫.૦૦ મીટરની પહોળાઈ વાળા રીંગરોડની કામગીરીમાં એકસુત્રતા, યોગ્ય નિયંત્રણ અને ગુણવત્તા જળવાય તે માટે સમગ્ર રીંગરોડ વુડા દ્વારા બનાવવાનું નક્કી કરવામાં આવ્યુ.

(૨) ટી.પી. ૨૪એ અને ટી.પી. ૨૪બી નો વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ૪.૪૯ કી.મી. તથા વુડા વિસ્તારની ટી.પી. ૫ નો ૦.૦૯ કી.મી. આમ કુલ ૪.૫૮ કી.મી. ના ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડમાં રૂ. ૫૪.૯૮ કરોડની તાંત્રિક મંજુરી મળેલ છે. જેની વહીવટી મંજુરી આપવાનું નક્કી કરવામાં આવ્યુ.

(૩) ઉપરોકત ૪.૪૯ કી.મી. નો રીંગરોડ વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં આવતો હોઈ, તેનો રૂ.૫૪.૨૯ કરોડનો ખર્ચ વુડા દ્વારા કરવામાં આવે તથા ભવિષ્યમાં સદર ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડનો કોઈ ભાગ વડોદરા મહાનગરપાલિકામાં આવતો હોઈ, તે રીંગરોડનો પણ ખર્ચ વુડા દ્વારા કરવામાં આવે તે બાબતે સરકારશ્રીની મંજુરી મેળવવાની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

અંતમાં સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

| | |
|---|---|
| સહી/- | સહી/- |
| સભ્ય-સચિવ | અધ્યક્ષ |
| વ | શહેરી વિકાસ સત્તામંડળ |
| મુખ્ય કારોબારી અધિકારી | વડોદરા |
| શહેરી વિકાસ સત્તામંડળ | |
| વડોદરા | |